દાખલ તારીખ : ૨૩–૦૨–૨૦૨૨
રજી. તારીખ : ૨૩–૦૨–૨૦૨૨
ફેસલ તારીખ : ૧૪–૦૪–૨૦૨૬
સમયગાળો : <u>વર્ષ–માસ–દિવસ</u>

सत्यमेव जयते

**<u>ધોરાજીના એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ,</u>**

**<u>મું. ધોરાજી.</u>**

**<u>ફોજ. કે. નં.૧૮૮/૨૦૨૨</u>**
**<u>આંક–</u>**

ફરીયાદી – શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી – (૧) રોહિત રામસિંગભાઈ જાદવ,
રહે.મંડોળ, તા.વેરાવળ, જી.ગીર સોમનાથ,
હાલ રહે.તલંગણા, તા.ઉપલેટા,
(૨) સરમણ પરબતભાઈ મુછાળ,
રહે.ગાંધીગ્રામ, લીરબાઈપરા, જુનાગઢ.

ગુન્હો – **<u>પ્રોહી. એકટની કલમ–૬૫(ઈ),૧૧૬(બી), ૯૮(૨) અને ૮૧ મુજબ.</u>**

==================================================

ફરિયાદપક્ષે – વિ.એ.પી.પી.શ્રી જે. વી. જોષી.
આરોપીપક્ષે – વિ.વ.શ્રી વી. એ. રાઠોડ

==================================================

**// <u>ઠરાવ</u> //**

**૧.** ફરીયાદપક્ષના કેસની ટુંક વિગત એવી છે કે, ગઈ તા.૦૮.૦૨.૨૦૨૦ ના રોજ કલાક–૧૮:૫૦ વાગ્યા દરમિયાન મોજે રેલવે ફાટક પાસે, જુનાગઢ રોડ, ધોરાજી ખાતે આ કામના આરોપીએ પોતાના હવાલાવાળી સફેદ કલરની એસ્ટીમ કાર જેના

રજી.નં.GJ10F637 જેની કિંમત રૂા.૭૦,૦૦૦/- વાળીમાં ગેરકાયદેસર રીતે પાસ પરમીટ કે આધાર વગર ભારતીય બનાવટની પરપ્રાંતીય ઇંગ્લીશ દારૂની એપીસોડ કલાસીક વ્હીસ્કી બ્રાન્ડ તથા મેકડોવેલ નં.૧ ની ૭૫૦ એમ.એલ.ની કંપની શીલ પેક બોટલ નંગ-૨૮ જેની કિંમત રૂા.૮,૪૦૦/- મળી કુલ મુદ્દામાલ કિંમત રૂા.૭૮,૪૦૦/- ના મુદ્દામાલ સાથે રાખી હેરાફેરી કરી, પ્રોહી.એક્ટની કલમ-૬૫(ઇ), ૧૧૬(બી), ૯૮(૨) અને ૮૧ મુજબનો ગુન્હો કર્યાનો આક્ષેપ છે. જે સંબંધે શ્રી પો.કોન્સ. અનિરૂદ્ધસિંહ સુરૂભા ઝાલાનાએ ફરીયાદ કરતાં જે ફરીયાદ ધોરાજી પો.સ્ટે. ગુ. રજી. નં.૧૧૨૧૩૦૧૦૨૦૦૧૦૨/૨૦૨૦ થી તા.૦૯.૦૨.૨૦૨૦ ના રોજ નોંધેલ છે.

ઉપરોકત ફરીયાદ હકીકત રજીસ્ટરે લઈ, ફરીયાદને તપાસ કરનાર અમલદારને તપાસ અર્થે સુપ્રત કરવામાં આવેલ. તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ તથા જરૂરી કાર્યવાહીના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોઈ અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ જે ફોજદારી કેસ તરીકે રજીસ્ટરે લઈ ઈન્સાફી કાર્યવાહી કરવામાં આવેલ છે.

૨. સદર કામે આરોપી નં.૧ નાઓનું આંક-૧ નીચે ચાર્જશીટ અલગ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી નં.૨ નાઓને ધોરણસર સમન્સની બજવણી કરતા તેઓ હાજર થતાં ગુના વિશે સમજ કરી, આંક-૩૨ થી આરોપી નં.૨ વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી આંક-૩૩ થી આરોપી નં.૨ થી પ્લી નોંધતા ગુન્હો કર્યાનો ઈનકાર કરવામાં આવેલ છે. જેથી ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

૩. ફરીયાદપક્ષ તરફથી પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબ મૌખિક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**-:<u>મૌખિક પુરાવોઃ</u>-**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ફરિયાદી અનિરૂદ્ધસિંહ સુરૂભા ઝાલાની જુબાની | ૩૫ |
| ૨ | પંચસાહેદ મહિપાલસિંહ ગંભીરસિંહ જાડેજાની જુબાની | ૩૭ |
| ૩ | પંચસાહેદ હિતેષભાઇ રાજાભાઇ ડવની જુબાની | ૩૯ |
| ૪ | ત.ક.અ. રમેશભાઇ કાળાભાઇ બોદરની જુબાની | ૪૦ |

**-:દસ્તાવેજી પુરાવોઃ-**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | એફ.આઇ.આર. | ૩૬ |
| ૨ | પંચનામુ | ૩૮ |

**૪.** ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા અંગે આરોપી નં.૨ નો ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ મુજબ વધુ જવાબ નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે. વધુમાં આરોપી નં.૨ નાએ જાતે સોગંદ ઉપર જુબાની આપવી નથી કે બચાવના સાહેદો તપાસવા નથી તેમ જણાવેલ છે તેમજ વિશેષમાં ખોટો કેસ કરેલ છે તેમ જણાવેલ છે. ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી તથા આરોપીપક્ષના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

**૫.** ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવો વિગેરે ધ્યાને લઈ આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૦૮.૦૨.૨૦૨૦ ના રોજ કલાક-૧૮:૫૦ વાગ્યા દરમિયાન મોજે રેલવે ફાટક પાસે, જુનાગઢ રોડ, ધોરાજી ખાતે આ કામના આરોપીએ પોતાના હવાલાવાળી સફેદ કલરની એસ્ટીમ કાર જેના રજી.નં.GJ10F637 જેની કિંમત રૂા.૭૦,૦૦૦/- વાળીમાં ગેરકાયદેસર રીતે પાસ પરમીટ કે આધાર વગર ભારતીય બનાવટની પરપ્રાંતીય ઇંગ્લીશ દારૂની એપીસોડ કલાસીક વ્હીસ્કી બ્રાન્ડ તથા મેકડોવેલ નં.૧ ની ૭૫૦ એમ.એલ.ની કંપની શીલ પેક

બોટલ નંગ–૨૮ જેની કિંમત રૂ.૮,૪૦૦/– મળી કુલ મુદ્દામાલ કિંમત રૂ.૭૮,૪૦૦/– ના મુદ્દામાલ સાથે રાખી હેરાફેરી કરી, પ્રોહી.એકટની કલમ–૬૫(ઇ), ૧૧૬(બી), ૯૮(૨) અને ૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

**૬.** મારા જવાબ નીચે મુજબ છેઃ–

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**–: <u>કા ર ણો</u> :–**

**<u>મુદ્દા નં.૧ ની ચર્ચાઃ–</u>**

**૭.** આ કામે આરોપી વિરૂધ્ધ જે ગુન્હા સબબનો આક્ષેપ કરવામાં આવેલ છે તે ગુન્હા સબબની જોગવાઈઓ અને તેના આવશ્યક તત્વોને તથા ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે તેવા પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાનમાં રાખી ફરીયાદપક્ષે રજુ રાખેલ પુરાવાનું નીચે મુજબ મુલ્યાંકન કરવામાં આવેલ છે.

**૮.** સદર કામે આંક–૩૮ થી રજુ પંચનામાની હકીકતો પુરવાર કરવા અનુક્રમે પંચસાહેદ મહિપાલસિંહ ગંભીરસિંહ જાડેજાને આંક–૩૭ થી તથા પંચસાહેદ હિતેષભાઈ રાજાભાઈ ડવને આંક–૩૯ થી તપાસેલા છે. સદર પંચસાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, સદર પંચસાહેદો તેમની જુબાની દરમિયાન આંક–૩૮ થી રજુ પંચનામા રજુ રાખે છે, પરંતુ પંચનામામાં સહી કર્યા સિવાયની કોઈ વિગતોને પંચસાહેદો સમર્થન આપતા ના હોઈ વિ. એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરી બાદમાં અદાલતની પરવાનગીથી ઉલટતપાસમાં સુચક સવાલો

પુછતાં તેમાં પણ સદર પંચસાહેદો પંચનામાની કોઈ વિગતોને સમર્થન આપતાં નથી. આમ, સદર પંચસાહેદોના જુબાની આધારે પંચનામાની વિગતો પુરવાર થતી ન હોઈ તથા ફરીયાદપક્ષના કેસને કોઈ સમર્થન મળેલ નથી.

૯. હાલના કામે ફરિયાદપક્ષે આંક-૩૫ થી ફરિયાદી અનિરૂદ્ધસિંહ સુરૂભા ઝાલાનાઓને તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમા જણાવેલ છે કે, ગઈ તા.૦૮/૦૨/૨૦૨૦ ના રોજ તેઓ તથા પોલીસ સ્ટાફના માણસો અશોકભાઈ મણવર, અજીતભાઈ ગંભીર તથા સંગીતાબેન પરમાર એમ તેઓ બધા ધોરાજી જુનાગઢ રોડ રેલવે ફાટક પાસે કલાક-૧૮:૩૦ વાગ્યે વાહન ચેકીંગમાં હતાં તે દરમિયાન જુનાગઢ બાજુથી કલાક-૧૮:૫૦ વાગ્યે એક સફેદ કલરની ગાડી પુર ઝડપે આવેલ જે ગાડીને રોકવાની કોશીષ કરતા ગાડીના ચાલકે કાર રોકેલ નહિં. જેથી સદરહું ગાડીનો પીછો કરવા માટે તેઓ સ્ટાફના માણસો ખાનગી વાહનમાં બેસી તેની પાછળ દરમિયાન ગાડી ધોરાજી ટાઉનમાં થઈ જમનાવડ ગામ તરફ ત્યાં થી બીજા ગામ પીપળીયા, મોટીમારડ તથા કુંઢેચ-ગણોદ થઈ વાડાસળા ગામમાં બાવળની કાટમાં ગાડી મુકી કાર ચાલક નાશી ગયેલ. સદરહું ગાડી લાઈટના અંજવાળે ચેક કરતા ડીકીના અંદરના ભાગે બે બાચકા જોવામાં આવેલ જે બાચકા ખોલી જોતાં તેમા ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની બોટલો જોવામાં આવેલ. જે બાચકા ખોલી જોતા તેમા ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની બોટલો જોવામાં આવેલ. જેથી સાથેના હે.કોન્સ. બે પંચોને બોલાવી બોટલો ગણી જોતાં નંગ-૨૮ હોય જેમાં એક બોટલ ઉપર પંચોની સહી વાળી કાપલી લગાડી ધોરાજી પો.ઈન્સ.ના હોદ્દાનું સીલ મારી કેમિકલ તપાસણી અર્થે કબજે કરેલ. બાકીની બોટલો જેમની તેમ મુકી દઈ. જેમા ગાડી નંબર જોતા GJ10F637 જેની

કિંમત રૂા.૭૦,૦૦૦/- તથા બોટલોની કિંમત રૂા.૮૪૦૦/- ગણી મુદ્દામાલ કબજે કરેલ જે સદરહું કાર ચાલક અંધારાનો લાભ લઈ ગાડી મુકીન નાશી ગયેલ તેની વિરૂદ્ધ પ્રોહી.એક્ટની કલમ-૬૫(ઈ), ૧૧૬(બી), ૯૮(૨) નો ગુન્હો કરેલ હોય જે સદરહું મુદ્દામાલની હેરાફેરી કરી વેચાણ કરવાના ઈરાદે મળી આવેલ હોય કલાક-૨૧:૧૫ સુધીનું સાથેના પો.હે.કોન્સે. પંચનામુ કરેલ. જે આરોપી વિરૂદ્ધ તેઓએ ફરિયાદી રીપોર્ટ આપેલ. જે ફરિયાદના રીપોર્ટના આધારે જે એફ.આઈ.આર. માં પી.એસ.ઓ.ની સહી છે જે મા પી.એસ.ઓ. વાય.કે.ચુડાસમાની સહી છે જે તેઓ ઓળખે છે જે તેઓએ આપેલ ફરિયાદની જ એફ.આઈ.આર. છે.

ઉપરોક્ત ફરીયાદપક્ષે તપાસેલા ફરિયાદીની આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, તેઓની આખી ફરિયાદમાં ક્યું વાહન લઈને નિકળેલા અને તેનો નંબર શું હતો તે અંગે દર્શાવેલ નથી. તેઓની આખી ફરિયાદમાં પંચોના નામ દર્શાવેલ નથી. આખી ફરિયાદમાં કોઈ આરોપીના નામ દર્શાવેલ નથી.

**૧૦.** હાલના કામે ફરિયાદપક્ષે આંક-૪૦ થી ત.ક.અ. રમેશભાઈ કાળાભાઈ બોદરનાઓને તપાસેલા છે. તેઓએ તેમની સરતપાસમા જણાવેલ છે કે, ધોરાજી પો.સ્ટે. પ્રોહી.ગુ.ર.નં.પ્રોહી.૦૧૦૨/૨૦ ના ગુન્હાની તપાસ ધોરાજી પો.સ્ટે.ના પો.હે.કોન્સ. સી.ટી.વસૈયાનાઓ કરતાં હોય જેમા એસ્ટીમ કાર છોડી અને ભાગી ગયેલ હોય અને જેની અંદરથી ઇંગ્લીશ દારૂ ૨૬ બોટલ મળેલ હોય જે એસટીમ કાર કબજે કરલે હોય જેની તપાસ કરતા આરોપી દિનેશભાઈ જગદિશભાઈ બારીયા તથા દિલીપભાઈ રણછોડભાઈ વાઘેલાનાઓના નામ

ખુલેલ હોય અને તે દરમિયાન સી.ટી. વસૈયાનાઓની બદલી થતાં આગળની તપાસ તેઓને મળતાં આ કામે ઉપરોકત બંન્ને આરોપીનાઓને અટક કરેલ. બાદ તેઓની પુછપરછ કરતાં રોહિત રામસીંગભાઈ જાદવ તથા સરમણ પરબતભાઈ મુછારનો સદરહું દારૂ હોય જેથી તેઓ બંન્નેના નામ ખુલેલ અને ઉપરોકત દિનેશભાઈ જગદિશભાઈ બારીયા તથા દિલીપભાઈ રણછોડભાઈ વિરૂદ્ધ પુરતા પુરાવા હોય જેથી ચાર્જશીટ કરી નામ. કોર્ટમાં રજૂ કરેલ. બાદ રોહિત રામસીંગભાઈ જાદવ તથા સરમણ પરબતભાઈ મુછાર રજૂ થતાં તેઓને અટક કરી તેઓ વિરૂદ્ધ પુરવણી ચાર્જશીટ ફાઈલે કરેલ.

ઉપરોકત ફરીયાદપક્ષે તપાસેલા ત.ક.અ.ની આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, બનાવવાળી જગ્યાએ જાહેર રેતો આવેલ છે. હાલના કામા આરોપી પાસેથી કોઈપણ જાતનો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી. સદર કામની ફરિયાદમાં પંચોના નામ દર્શાવેલ નથી. સદર કામે તેઓએ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી.

**૧૧.** વધુમાં, સમગ્ર કેસની હકીકત ધ્યાને લેતાં ફરિયાદપક્ષ દ્વારા ઉપરોકત સાહેદોના-પુરાવા રજુ કરવામાં આવેલ છે, તે સમગ્ર પુરાવાઓની સ્વતંત્ર અને સંયુકત રીતે તુલના કરીએ તો, સદર કામની ચાર્જશીટ જોઈએ તો પંચસાહેદો સિવાય અન્ય કોઈપણ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. બનાવવાળી જગ્યાએથી સરળતાથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં કોઈપણ સ્વતંત્ર સાહેદોના નિવેદનો મેળવેલા નથી. વધુમાં, આરોપીના કબ્જામાંથી કે કબજા ભોગવટાવાળા રહેણાંક મકાનમાંથી કોઈ મુદ્દામાલ મળી આવેલ હોવા અંગે પણ ફરીયાદપક્ષના રજુ પુરાવાથી કાંઈ પુરવાર થતુ નથી. તે સંજોગોમાં જે મુદ્દામાલ મળેલ છે તે આરોપીનો હોવા અંગે

વ્યાજબી શંકા ઉપસ્થિત થાય છે. ફરિયાદપક્ષે મુદ્દામાલ દારૂ હોવા સંબંધે ન્યાય વિજ્ઞાન પ્રયોગશાળાનું પ્રમાણપત્ર પણ મેળવી રજુ કરેલ નથી.

**૧૨.** ઉપરોકત ચર્ચા કરેલ સમગ્ર પુરાવાની હકીકતો ધ્યાને લેતાં, હાલના કેસમાં ફરીયાદપક્ષના કેસને એકપણ સ્વતંત્ર પંચસાહેદોના પુરાવાથી અગર તો અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન મળતું નથી. તેમજ આગળ ચર્ચા કર્યા મુજબ મળી આવેલ મુદ્દામાલ દારૂ હોવાનું શંકાસ્પદ છે. વધુમાં, આરોપીના કબ્જા ભોગવટામાંથી કે કબજા ભોગવટાવાળા રહેણાંક મકાનમાંથી દારૂ મળી આવ્યાનું પણ નિઃશંકપણે કાંઈ પુરવાર થતુ નથી. તે સંજોગોમાં આરોપીને હાલના પ્રોહીબીશનના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી અને તે મુજબ ફરીયાદપક્ષ આરોપી સામેનો પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જતો હોઈ મુદ્દા નં.૧ નો જવાબ "**નકારમાં**" આપી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## -// આખરી હુકમ //-

**૧.** આરોપી નં.(૨) સરમણ પરબતભાઈ મુછાળ, રહે.ગાંધીગ્રામ, લીરબાઈપરા, જુનાગઢનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ-૨૭૧(૧) ગુજરાત પ્રોહી. એકટની કલમ-૬૫(ઈ), ૧૧૬(બી), ૯૮(૨) અને ૮૧ મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**૨.** સદર કામના આરોપી નં.૧ નો કેસ બાકી હોઈ મુદ્દામાલ અંગે હાલ કોઈ હુકમ નથી.

**૩.** આરોપી નં.૨ હાજર થતા રોજકામ મુજબની કાર્યવાહી કરવામાં આવશે અને કાર્યવાહી પુર્ણ થતા આરોપી નં.૨ ના અગાઉ આપેલ જામીન જો

ચાલુ રાખવા માંગતા હોય તો તે મુજબની કાર્યવાહી કરવી અથવા જો તે જામીન ચાલુ રાખવા ન માંગતા હોય તો નવા જામીન રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

– હુકમ આજ તા.૧૬, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરેલ છે.

સ્થળઃ–ધોરાજી.
તા.૧૬/૦૪/૨૦૨૬

(સુનિલ વામન વાઘ)
**એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
ધોરાજી.
(જજ કોડ–જીજે૦૧૨૫૮)